आज़ादी का अमृत महोत्सव

**District Panchayat Education Committee, Valsad**

Morarjij Desai Bhavan, 1st Floor, District Panchayat Office, Dharampur Road, Valsad-396001.

Ph.No.: 02632-253210, email: dpeovalsad@gmail.com

No.: Ji.Pan./Sikshan/Ayojan/Vashi-4096/2022 Dt.25/05/2022

Appendix-2

(Read rule 13 (5))

# CERTIFICATE OF ACCREDITATION

Reg. No.: 5331/22
Date 26/05/2022

To,

Administrator Shri,

Diti Foundation Trust,

Samarpan Gyan School,

Near Rata Gram Panchayat,

Rata-Salvav Road, Ta.Vapi, Dist.Valsad

Free Gujarat Children under the Right to Free and Compulsory Education Act-2009 and subject to the provisions of the Right to Compulsory Education Rules-2012, therefore, under the following conditions, for a period of three years from June 2021 to June 2024, a certificate of accreditation (hereinafter referred to as a "CERTIFICATE") is given to the administrator of Dedication Gyan School-Rata, Ta.Vapi, Dist.Valsad School in Valsad district for Std-1 to 8.

Sd/-

Place: Valsad

Date: 25/05/2022

STAMP of District Panchayat Education Committee, Valsad

District Primary Educational Officer

District Panchayat, Valsad

**MANAGER**
**SAMARPAN GNYAN SCHOOL**
**RATA, VAPI.**

NOTARY
TARUNA S. KAJ
Area : Vapi City
Dist. - Valsad.
Regd. No.. 369
GOVT. OF GUJARAT

Principal
SAMARPAN GNYAN SCHOOL
RATA,VAPI.

Terms (Conditions):

1. The school board will be responsible for fulfilling and enduring the school accreditation requirements.
2. Children's Right to Free and Compulsory Education-2009 and Children's Right to Free and Compulsory Education-2012 and all the provisions of Gujarat Primary Education Act-1947 and Mumbai Primary Education Rules-1949 to comply with the provisions of Primary Education Rules-1949, and the school board will be responsible for maintaining it.

STAMP of District Panchayat Education Committee, Valsad

3. In addition to the Act and the rules framed under it, the school board shall be responsible for complying with the rules, by-laws, resolutions, circulars, instructions, etc. issued by the State Government from time to time.
4. The school should admit the children of the weaker sections and the children of the disadvantaged group in the adjoining area in Std-1 including pre-primary classes as per the strength of 25% of that standard, and free and compulsory elementary education should be provided till its completion. The concerned office should be contacted for its implementation.
5. Capitation fees are prohibited and therefore the trust board or school should not charge any capitation fee or other donations or items in lieu of such fees.
6. The child's or for the purposes of school admission, no Admission Test (screening test) or procedure should be adopted on his/her parents or guardians in any way.
7. The school should not refuse to admit a child for lack of the above evidence or on the basis of religion, caste, creed or sex, place of birth or any of them.
8. The school should ensure that: -
   1) Any child admitted should not be detained or expelled from the school at any standard till the completion of elementary education in the school or action should be taken subject to the existing rules of class promotion.
   2) No child is subject to physical education or mental torture.

MANAGER
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.

Principal
SAMARPAN GNYAN SCHOOL
RATA,VAPI.

3) Every child who completes elementary education should be awarded a certificate as prescribed under Rule-30.

4) Admission will be given to students with special needs with disabilities as per the provisions of the Acts.

5) Teachers with academic qualifications prescribed by the Government from time to time will have to be recruited.

6) Teacher-student ratio should be as per rules. The classroom area in the school should be as per the rules and should have all the necessary physical facilities.

7) The teacher shall perform his duty as specified under sub-section (1) of section 24 of the Act.

8) Teachers will not be able to provide private tuition. It will be the responsibility of the Board of Governors.

9) Transparent and fair admission process following the guidelines and orders issued by the Central Government or the State Government or the Director.

9. The school will have to impart education as per the syllabus prepared on the basis of the syllabus prepared by the appropriate authority.

10. The school should admit students in proportion to the facilities available in the school as decided in section 19 of the Act.

11. The school shall maintain the school grounds and standards as specified in section 19 of the Act, and in particular, all the requirements of Rule-13 regarding the maintenance of the school website for providing information and filling in the correct and reliable DISE (DISE) District Information System for Education (information) within the stipulated time every year must be complied with.

12. No unauthorized school classes should be conducted inside the school premises or outside the school under the same name.

MANAGER
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.

Principal
SAMARPAN GNYAN SCHOOL
RATA,VAPI.

13. The school building or other construction or grounds shall be used for teaching skills development purposes only.
14. The school should be run by the society registered under the Society Registration Act, 1860, (21st of 1860 as well as by the society registered under 1952 or by the society/company constituted at that time).
15. The school may not be run for the benefit of any individual, group or association of individuals or any other persons.
16. The chartered accountant should have the accounts audited and certified and the proper accounts should be prepared as per the rules. A copy of the audited report should be sent to the competent authority every year.
17. The facility should be available along with the recording of CCTV camera and the competent authority should ensure that the replacement.
18. Necessary measures for school safety should be taken within the time limit as per the guidelines of National Disaster Management Authority. The School Safety Policy-2016 will have to be implemented.
19. The safety of students and staff should be ensured by taking necessary steps from time to time.
20. The school board may not insist or compel students / parents to purchase certain types of books, literature, uniforms or shoes, from its own institution, from a particular institution or agency, or from certain marks or companies.
21. The provisions of Gujarat Self Supporting Schools (Fee Regulation) Act-2017 and the rules made under it will be applicable to this school, and a guarantee form will have to be submitted to comply with it.
22. The competent authority or the person authorized by him and the inspector / officers of the education department will be allowed to inspect the school.
23. The school will have to use only government approved curriculum and textbooks approved from time to time.

MANAGER
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.

Principal
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.

24. The government should approve the rates of tuition fees and salaries of academic and non-academic staff.

25. The records, statistics and certificates provided by the school principal or administrators should be reliable.

26. The School, the Director and the competent authority shall provide such reports and information from time to time and shall comply with the orders issued by the State Government/Local Authority to fulfill the condition of accreditation to continue the school or to rectify the deficiencies in the functioning of the school.

27. No change of school name, relocation of school or alteration of school system can be made without the prior permission of the competent authority.

28. The school must be started in the year in which the school is approved. If the school is not started within 6 months after the approval is given, the approval given will be automatically revoked.

29. When required, the school building should be provided for public examination and for public use by the school administrator.

30. All resolutions/ circulars/ instructions/ rules issued by the Government from time to time shall be complied with.

31. Innovative private primary school/ grade class or class must fully comply with additional accreditation requirements.

32. All the provisions related to school management-education and evaluation and private schools mentioned in Gujarat Primary Education Act-1947 and Primary Education Rules-1949 have to be complied with.

33. The conditions of Schedule-F of Gujarat Primary Education Rules-1949 have to be complied with.

34. The provisions of RTE Act-2009 and RTE Rules-2012 have to be complied with.

35. This approval is true of the revenue and other grounds presented by you. It is assumed that. The Board of Directors will be held responsible if any future

MANAGER
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.

Principal
SAMARPAN GNYAN SCHOOL
RATA,VAPI.

evidence is found to be fake and the government will have the power to take action against them, including a police complaint. Take note of which.

STAMP of District Panchayat Education Committee, Valsad

Place: Valsad

Date: 25/05/2022

Sd/-

District Primary Educational Officer

District Panchayat, Valsad

NOTARY TARUNA S. KAJ TA. VAPI DIST. VALSAD Reg. No. 869/89 GOVT. OF GUJARAT [INDIA]

Certified to be True Translation of certificate of accreditation From Gujarati Language to english

TARUNA S. KAJ
NOTARY
Vapi City, Dist. Valsad.

Book No.: 05
Page No.: 210
Serial No.: 5531
Date: 26/05/2022

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL
NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

NOTARY TARUNA S. KAJ Area : Vapi City Dist. : Valsad. Regd. No. : 869 GOVT. OF GUJARAT

MANAGER
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.

Principal
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.

आज़ादी का अमृत महोत्सव

# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, વલસાડ

મોરારજી દેસાઈ ભવન, ૧ લો માળ, જિલ્લા પંચાયત કચેરી ધરમપુર રોડ, વલસાડ-૩૯૬૦૦૧,
ફોન નંબર : ૦૨૬૩૨-૨૫૩૨૧૦, E-Mail: dpeovalsad@gmail.com

નં.જિ.પં/શિક્ષણ/આયોજન/વશી- ૪૦૯૬/૨૦૨૨ તા.૨૫/૦૫/૨૦૨૨

પરિશિષ્ટ-૨

(જુઓ નિયમ ૧૩ (૫))

## માન્યતા પ્રમાણપત્ર

પ્રતિ,

વ્યવસ્થાપકશ્રી,
દીતી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
સમર્પણ જ્ઞાન સ્કુલ,
રાતા ગ્રામપંચાયત નજીક,
રાતા સલવાવ રોડ, તા- વાપી જિ-વલસાડ

બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ હેઠળ કરેલા ગુજરાત બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ની જોગવાઇઓને આધીન રહીને આથી નીચેની શરતોએ જુન-૨૦૨૧ થી જુન-૨૦૨૪ સુધીની ત્રણ વર્ષની મુદ્દત માટે ધોરણ- ૧ થી ૮ માટે વલસાડ જિલ્લામાં આવેલી સમર્પણ જ્ઞાન સ્કુલ રાતા તા.વાપી જિ.વલસાડ શાળાના વ્યવસ્થાપકને માન્યતા પ્રમાણપત્ર (જેને આમાં હવે પછી, "પ્રમાણપત્ર" તરીકે કહયું છે તે) આપવામાં આવે છે.

સ્થળ : - વલસાડ
તારીખ :- ૨૫/૦૫/૨૦૨૨

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ વલસાડ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત વલસાડ

Principal
SAMARPAN GNYAN SCHOOL
RATA,VAPI.

MANAGER
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.

નં.જિ.પં./શિક્ષણ/આયોજન/વશી- ૪૦૯૬/૨૦૨૨ તા. ૨૫/૦૫/૨૦૨૨ સાથેનું જોડાણ

શરતોઃ-

૧. શાળાની માન્યતાની શરતો પૂર્ણ કરવાની અને તેને નિભાવવાની જવાબદારી શાળા મંડળની રહેશે.

૨. બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનયમ-૨૦૦૯ અને બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો-૨૦૧૨ તથા ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનયમ-૧૯૪૭ અને મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ ની તમામ જોગવાઇઓ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ ની તમામ ની જોગવાઈઓ પાલન કરવાનું અને તેને નિભાવવાની જવાબદારી શાળા મંડળની રહેશે.

૩. અધિનયમ અને તે હેઠળ રચાયેલ નિયમો ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવતા નિયમો, ઉપનિયમો,ઠરાવો, પરિપત્રો, સૂચનાઓ વગેરેનું પાલન કરવાની જવાબદારી શાળા મંડળની રહેશે.

૪. શાળાએ નજીકના વિસ્તામા નબળા વર્ગના બાળકો અને વંચિત જૂથના બાળકોને પૂર્વ પ્રાથમિક વર્ગો સહિત ધોરણ-૧ માં તે ધોરણના સંખ્યાબળના 25% મુજબ પ્રવેશ આપવો જોઈશે તથા મફત અને ફરજીયાત પ્રારંભિક શિક્ષણ તેની સમાપ્તિ સુધી પુરૂ પાડવું જોઈશે. તેના અમલ માટે સંબંધિત કચેરીનો સપંર્ક કરવાનો રહેશે.

૫. કેપીટેશન ફી લેવા પર પ્રતિબંધ છે અને તેથી ટ્રસ્ટ મંડળે અથવા શાળાએ કોઈપણ કેપીટેશન ફી અથવા અન્ય રીતે દાન અથવા એવી ફીના બદલામાં ચીજવસ્તુઓ લેવી જોઈશે નહિ.

૬. શાળાએ પ્રવેશ આપવાના હેતુઓ માટે બાળકની અથવા તેના અથવા તેના તેણીના માતા-પિતા અથવા વાલીઓની કોઈપણ રીતે સ્ક્રિનીંગ ટેસ્ટ (તપાસ કસોટી) અથવા કાર્યરીતી અપનાવવી જોઈશે નહિ.

૭. શાળાએ ઉંમરના પુરાવાના અભાવે અથવા ધર્મ,જ્ઞાતિ, પંથ અથવા જાતી, જન્મ સ્થળ અથવા તે પૈકીના કોઈપણ આધાર પર કોઈ બાળકને પ્રવેશ આપવાનો ઈન્કાર કરવો જોઈશે નહિ.

૮. શાળાએ સુનિશ્ચિત કરવું જોઇએ કે :-

   ૧. પ્રવેશ આપેલ કોઈપણ બાળકને શાળામા પ્રારંભિક શિક્ષણ પૂરૂ થતાં સુધી કોઈપણ ધોરણમાં રોકી રાખવામાં ન આવે અથવા શાળામાંથી કાઢી મુકવામાં ન આવે અથવા વર્ગ બઢતીના પ્રવર્તમાન નિયમોને આધિન કાર્યવાહી કરવામાં આવે.

   ૨. કોઈપણ બાળક શારિરીક શિક્ષણ અથવા માનિસક ત્રાસને પાત્ર થાય નહિ.

   ૩. પ્રારંભિક શિક્ષણ પુરૂં કરનાર દરેક બાળકને નિયમ-૩૦ હેઠળ નિયત કર્યા પ્રમાણે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે.

   ૪. અધિનિયમોની જોગવાઈ પ્રમાણે અશકતતા ધરાવતા વિશિષ્ટ જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

   ૫. સરકાર દ્વારા વખતોવખત નિયત થયેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની ભરતી કરવાની રહેશે.

   ૬. શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ નિયમાનુસારનું હોવું જોઇશે. શાળામાં વર્ગખંડનું ક્ષેત્રફળ નિયમાનુસાર હોવું જોઈએ તથા જરૂરી તમામ ભૌતિક સૂવિધાઓ હોવી જોઇએ.

   ૭. અધિનિયમની કલમ-૨૪ ની પેટા કલમ(૧) હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષક પોતાની ફરજ બજાવે.

MANAGER
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.

Principal
SAMARPAN GNYAN SCHOOL
RATA,VAPI.

૮. શિક્ષક અથવા શિક્ષિકાઓ પોતે ખાનગી ટયુશન આપી શકશે નહિ. તે જોવાને જવાબદારી સંચાલક મંડળની રહેશે.

૯. કેન્દ્ર સરકારે અથવા રાજય સરકારે અથવા નિયામકે બહાર પાડેલ માર્ગદર્શિકાઓ અને આદેશનું પાલન કરી પારદર્શક અને નિષ્પક્ષ પ્રવેશ પ્રક્રિયાને અનુસરવાનું રહેશે.

૯. સમુચિત સત્તામંડળે ઘડેલા પાઠયક્રમના આધારે તૈયાર કરેલ અભ્યાસક્રમ પ્રમાણે શાળાએ શિક્ષણ આપવાનું રહેશે.

૧૦. શાળાએ અધિનિયમની કલમ-૧૯ માં ઠરાવ્યા પ્રમાણે શાળામાં પ્રાપ્ય સુવિધાઓના પ્રમાણમાં વિદ્યાર્થીઓ પ્રવેશ આપવો જોઇએ.

૧૧. શાળાએ અધિનિયમની કલમ-૧૯માં નિર્દિષ્ઠ કર્યા પ્રમાણે શાળાના ધોરણે અને માપદંડો જાળવવા જોઇશે અને ખાસ કરીને કોઇ માહિતી પૂરી પાડવાને લગતી શાળાની વેબસાઇટના નિભાવ અને દર વર્ષે નિયત સમયમાં સાચી અને વિશ્વનીય ડીઆઇએસઈ(ડાયસ) ડિસ્ટ્રીકટ ઇન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજયુકેશન (માહિતી) ભરવાને લગતી નિયમ-૧૩ ની તમામ શરતોનું પાલન કરવું જોઇશે.

૧૨. શાળાની જગ્યાએ અંદર અથવા એ જ નામથી શાળાની બહાર કોઇ અનધિકૃત શાળા વર્ગો ચલાવવા જોઇશે નહિ.

૧૩. શાળાના મકાનનો અથવા અન્ય બાંધકામનો અથવા મેદાનનો માત્ર શિક્ષણ કૌશલ્ય વિકાસના હેતુઓ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

૧૪. શાળા સોસાયટી રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૮૬૦, (સને ૧૮૬૦ની ૨૧ માં તેમજ ૧૯૫૨ હેઠળ નોંધાયેલ મંડળી દ્વારા અથવા તત્સમયે અમલમાં હોઈ તેવા કાયદા રચાયેલા મંડળ/કંપની દ્વારા ચલાવવામાં આવવી જોઇશે.

૧૫. શાળા કોઇ વ્યક્તિ, જૂથ અથવા વ્યક્તિઓના મંડળ અથવા કોઇ બીજી વ્યક્તિઓના નફા માટે ચલાવી શકાશે નહિ.

૧૬. ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે હિસાબોનું ઓડિટ કરાવવું જોઇએ અને તેને પ્રમાણિત કરાવવા જોઇશે અને યોગ્ય હિસાબી પત્રકો નિયમો પ્રમાણે તૈયાર કરવા જોઇએ. દર વર્ષે હિસાબોના પત્રકો ઓડિટ કરાયેલા રિપોર્ટની એક નકલ સક્ષમ સત્તાધિકારીને મોકલવી જોઇશે.

૧૭. CCTV કેમેરાની રેકોર્ડિંગની સાથેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઇશે અને સક્ષમ અધિકારીને તે બદલની ખાતરી કરાવવાની રહેશે.

૧૮. શાળા સલામતી માટેના જરૂરી પગલા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની ગાઇડલાઇન મુજબ સમય મર્યાદામાં લેવાના રહેશે. સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ નો અમલ કરવાનો રહેશે.

૧૯. વિદ્યાર્થીઓ અને સ્ટાફની સલામતી માટે વખતોવખત જરૂરી હોય તેવા પગલાં લઈ તેઓની સલામતી સુનિશ્ચિત કરવાની રહેશે.

૨૦. શાળા મંડળે વિદ્યાર્થીઓને ચોકકસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય, ગણવેશ કે બુટ, પોતાની સંસ્થા પાસેથી કોઇ ચોક્કસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોકકસમાર્કો કે કંપનીના ખરીદવા માટે વિદ્યાર્થીઓ/વાલીઓને આગ્રહ રાખી શકાશે નહિ કે ફરજ પાડી શકાશે નહિ.

૨૧. ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ નાં પ્રબંધો અને તે હેઠળબનેલા નિયમો આ શાળાને લાગુ પડશે અને તેનું પાલન કરવાનું બાહેધરી પત્રક રજૂ કરવાનું રહેશે.

૨૨. સક્ષમ સત્તાધિકારીશ્રી અથવા તેના દ્વારા અધિકૃત્ત કરેલ વ્યક્તિ તથા શિક્ષણ ખાતાના નિરીક્ષક/અધિકારીઓને શાળા નિરીક્ષણ કરવાની છૂટ રહેશે.

MANAGER
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.

Principal
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.

૨૩. શાળાએ સરકાર દ્વારા માન્ય કરેલ અભ્યાસક્રમ તથા વખતો વખત મંજુર કરેલ પાઠયપુસ્તકોનો જ ઉપયોગ કરવાનો રહેશે.

૨૪. શિક્ષણની ફી નાં દર તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણે સરકાર માન્ય હોવા જોઇએ.

૨૫. શાળાના આચાર્ય કે સંચાલકો તરફથી આપવામાં આવતા રેકર્ડ, આંકડાકીય પત્રકો અને પ્રમાણપત્રો વિશ્વનીય હોવા જોઇએ.

૨૬. શાળા, નિયામક અને સક્ષમ સત્તાધિકારી વખતો વખત ફરમાવે તેવા રિપોર્ટઅને માહિતી પૂરી પાડશે અને શાળા ચાલુ રાખવાની માન્યતાની શરતને પરિપૂર્ણ કરવા અથવા શાળાના કામકાજમાંની ખામીઓ દૂર કરવા રાજય સરકાર/સ્થાનિક સત્તામંડળ આપે તેવા આદેશોનું પાલન કરશે.

૨૭. સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી વિના શાળાના નામમાં ફેરફાર, શાળાના સ્થળ ફેરફાર કે શાળાના વ્યવસ્થા તંત્રમાં ફેરફાર કરી શકાશે નહિ.

૨૮. જે વર્ષમાં શાળાને મંજુરી આપવામાં આવેલ હોય તે જ વર્ષમાં શાળા શરૂ કરવાની રહેશે. મંજુરી મળ્યા પછીના ૬ માસમાં શાળા શરૂ કરવામાં નહિ આવે તો અપાયેલ મંજુરી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

૨૯. જયારે જરૂર પડે ત્યારે શાળાનું મકાન જાહેર પરીક્ષા માટે તથા જાહેર હિતાર્થે શાળા સંચાલકે ફાજલકરી ઉપયોગ માટે આપવાનું રહેશે.

૩૦. સરકારશ્રી દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવે તેવા તમામ ઠરાવ/પરિપત્રો/સૂચનાઓ/નિયમોનું પાલન કરવાનું રહેશે.

૩૧. નવીન ખાનગી પ્રાથમિક શાળા/ક્રમિક વર્ગ કે વર્ગ વધારાની માન્યતાની શરતોનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે.

૩૨. ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ અને પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ માં ઉલ્લેખિત શાળા સંચાલન- શિક્ષણ અને મૂલ્યાંકન તથા ખાનગી શાળાઓ સંબંધિત તમામ જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૩૩. ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ ના શિડયુલ – F ની શરતોનું પાલન કરવાનું રહેશે.

૩૪. RTE Act-2009 તથા RTE Rules - 2012 ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૩૫. સદર મંજુરી આપના ધ્વારા રજૂ થયેલ મહેસૂલી અને અન્ય આધારો સાચા છે. તેમ માની આપવામાં આવે છે. ભવિષ્યમાં રજૂ કરેલ કોઇ પણ આધાર બનાવાટી માલૂમ પડશે તો તે માટે સંચાલક મંડળ જવાબદાર ગણાશે અને તે માટે તેઓ વિરુધ્ધ પોલીસ ફરિયાદ સહિતનાં પગલાં લેવાની સરકારને સત્તા રહેશે. જેની નોંધ લેવી.

સ્થળ:- વલસાડ

તા:- ૨૫/૦૫/૨૦૨૨

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ વલસાડ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત વલસાડ

MANAGER
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.

Principal
SAMARPAN GNYAN SCHOOL
RATA, VAPI.